# ઈર્ષ્યા

સુનિતા અને અનિતા બને પડોશીઓ હતા. સુનિતાનો પતિ અને સારી કપનીમા ઑફિસર હતો. તેનો પગાર સારો હતો. તેના ઘરમા ટેલિવિઝન, ફ્રિજ જેવી વૈભવી વસ્તુઓ હતી. અનિતાનો પતિ સામાન્ય કારકૂન હતો. તેનો પગાર સામાન્ય હતો. આથી તેઓ કોઈ વૈભવી વસ્તુઓ વસાવી શક્યા ન હતા.

અનિતાનો સ્વભાવ ખૂબ ઇર્ષ્યાળુ હતો તે સુનિતાની વૈભવી સગવડોની ઇર્ષ્યા કરતી અને એ વાત લઈને તેના પતિ સાથે ઝઘડયા કરતી. તે તેના પતિને આગ્રહ કરતી કે ઘરમા કમસેકમ ટેલિવિઝન તો જોઈએને! અનિતાના પતિએ બિચારાએ ઑફિસમાથી ગમે તેમ કરીને લોન લીધી અને તેમાથી ટેલિવિઝન વસાવ્યુ.

અનિતા હવે પોતાના ટી.વી.નુ વૉલ્યૂમ મોટુ રાખીને સુનિતાને સભળાય તેમ કરતી અને 'પોતે પણ કઈ કમ નથી' એમ દર્શાવ્યા કરતી.

એક વાર સુનિતાનુ ટી.વી. બગડય અને બધ થઈ ગયુ. અનિતાએ આ જાણ્યુ એટલે પોતાના ટી.વી.નુ વૉલ્યૂમ વધારી જાણીબૂઝીને સુનિતાને જલાવવા પ્રયત્ન કરવા લાગી. પરતુ આમ કરવા જતા તેનુ ટી.વી. પણ બગડી ગય ! અનિતાને ખૂબ અફસોસ થયો. જો કે, તેને એક વાતની શાતિ હતી કે કઈ નહિ; ચાલો, સુનિતાનુ ટી.વી. પણ બગડેલુ જ છે ને !

આ વાતને બે'ક દિવસ વિત્યા હશે કે એક દિવસ સુનિતા અનિતા પાસે આવી અને કહ્યુ કે હુ અને મારા પતિ બહાર જઈએ છીએ તો અમારા ઘરનુ જરા ધ્યાન રાખજે. 'સારુ!' અનિતાએ કહ્યુ અને ઘરમા ચાલી ગઈ.

અડધાએક કલાક પછી અનિતા જ્યારે બહાર આવી ત્યારે તેણે જોયુ કે સુનિતાના ઘરની બહાર એક વાન ઊભી હતી. કોઈ બે અજાણ્યા માણસો સુનિતાના ઘરમાથી ટી.વી. લાવી વાનમા ગોઠવી રહ્યા હતા.

'હ.....મ્! મને ખબર ન પડે તેમ ટી.વી. ને રિપેર કરવાની વ્યવસ્થા કરાઈ છે, એમ ને!' અનિતાના મનમા ઇર્ષ્યાનો ઝબકારો થયો. 'અને પાછુ બહાનુ બનાવી બહાર નીકળી ગઈ જેથી હુ કઈ પૂછી ન શકુ....! પણ હુ યે કઈ કમ નથી!' અનિતા એક પળનોય વિલબ કર્યા વિના ઘરમા જઈને પોતાનુ ટી.વી. લઈ આવી અને પેલા બે માણસોને બતાવતા બોલી, 'આ મારુ ટી.વી. યે બગડી ગયુ છે તેને રિપર કરી આપશોને?' 'જરૂર!' પેલા બને બોલ્યા અને એક જણે અનિતા પાસેથી ટી.વી. લઈ વાનમા બરાબર ગોઠવી દીધુ અને તેઓ ચાલ્યા ગયા.



સુનિતા જ્યારે પાછી આવી તેન ઘર ખુલ્લુ હતુ ને તેનો કીમતી સામાન ગાયબ હતો. તે હાફળી ફાફળી થતી અનિતા પાસે આવી અને મોટા અવાજે બોલી ઊઠી, 'હાય રે! અનિતા, મારુ તો બધુ જ ચોરાઈ ગયુ ! તે ધ્યાન ન રાખ્યુ ?'

'હે....!' અનિતાને કઈ સમજાયુ નહિ. જ્યારે સુનિતાએ તેને સમજાવ્યુ કે તેના ઘરમા ચોરી થઈ છે ત્યારે તેનુ મો આશ્ચર્યથી પહોળુ થઈ ગયુ. એ બૂમ પડી ઊઠી, 'અરે! મે પણ મારુ ટી.વી. એ લોકોને આપી દીધુ ! મને એમ કે તુ મારાથી છુપાવીને તારુ ટી.વી. રિપેર કરાવી રહી છે ! હે ભગવાન, કેટલી મુશ્કેલીથી અમે લીધેલુ આ ટી.વી....! હુ તો લૂટાઈ ગઈ....!'

ખરેખર, ઈર્ષ્યાને અક્કલ નથી હોતી.

— 'તથાગત'માથી સાભાર

■